નવા પાઠ્યપુસ્તકના અભ્યાસક્રમ આધારિત
દરેક વિભાગની સમજૂતી સાથેનું જવાબી સ્ટડી મટીરિયલ...

**ધોરણ 6**

# અલંકાર સ્ટડી મટીરિયલ

Best Reference Material

# સામાજિક વિજ્ઞાન




Alankar Publication

## પ્રસ્તાવના...

પાઠ્યપુસ્તકના વિષયવસ્તુના કેન્દ્રસ્થાને બાળક છે. બાળકની સર્જનાત્મકતા, વૈચારિકતા, તર્કશક્તિ અને પૃથ્થકરણ કરવાની આવડતને યોગ્ય દિશાનિર્દેશ મળી રહે, પ્રવૃત્તિલક્ષી શિક્ષણપ્રક્રિયા મુજબ જે-તે એકમના અધ્યયન-અધ્યાપન દરમિયાન ચર્ચા અને ચિંતન થાય, સમગ્ર એકમનું સરળતાથી મૂલ્યાંકન થઈ શકે તે માટે મૂલ્યાંકનસામગ્રી હાથવગી રહે તો વિષયવસ્તુના તમામ પાસાંઓનું મૂલ્યાંકનકાર્ય સરળ રહે. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને '**અલંકાર સ્ટડી મટીરિઅલ**' બનાવવામાં આવ્યું છે.

સ્ટડીમટીરિઅલ બનાવતી વખતે બાળકના મનમાં જિજ્ઞાસાવૃત્તિથી ઊઠતાં પ્રશ્નોના સમાધાન મળી શકે અથવા સમાધાન મેળવવા માટેનો માર્ગ મળી શકે તેવો પ્રયત્ન કર્યો છે.

વિદ્યાર્થી-વાલી અને શિક્ષકને મૂલ્યાંકનલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા સાંકળરૂપે જોડવાનું કાર્ય આ પુસ્તક દ્વારા કર્યું છે. તમામ એકમના બધા જ શૈક્ષણિક મુદ્દાઓ અહીં આવરી લેવામાં આવ્યા છે. એકમને સમજવામાં અને સ્વ-અધ્યયન કરવામાં તથા સ્વમૂલ્યાંકન કરવા માટે પણ આ પુસ્તક ઉપયોગી થશે. બાળકના વ્યક્તિત્વની બંધબારીને ઊઘાડ મળશે અને તેને ઊડવા માટે પાંખો પ્રાપ્ત થશે.

સ્ટડીમટીરિઅલ બનાવતી વખતે ખૂબ જ સાવચેતી રાખવામાં આવી છે. છતાં માનવસહજ સરતચૂક કે ટેકનિકલ ક્ષતિના કારણે વિગતદોષ, માહિતીદોષ કે અન્ય કોઈ વિસંગતતા જણાય તો સત્વરે ધ્યાન દોરવા વિનંતી છે. આપના યોગ્ય સૂચનો તજજ્ઞોના માર્ગદર્શન બાદ સુધારી લેવામાં આવશે.

- પ્રકાશક

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | અભ્યાસક્રમ | શિક્ષકની સહી | પેજ નં. |
|---|---|---|---|---|
| 1 | ચાલો, ઇતિહાસ જાણીએ | | | 3 |
| 2 | આદિમાનવથી સ્થાયીજીવનની સફર | | | 8 |
| 3 | પ્રાચીન નગરો અને ગ્રંથો | | | 14 |
| 4 | ભારતની પ્રારંભિક રાજ્યવ્યવસ્થા | | | 21 |
| 5 | શાંતિની શોધમાં : બુદ્ધ અને મહાવીર | | | 27 |
| 6 | મૌર્યયુગ : ચંદ્રગુપ્ત અને સમ્રાટ અશોક | | | 33 |
| 7 | ગુપ્તયુગ અને અન્ય શાસકો | | | 40 |
| 8 | ભારતવર્ષની ભવ્યતા | | | 48 |
| 9 | આપણું ઘર પૃથ્વી | | | 55 |
| 10 | પૃથ્વીનાં આવરણો | | | 65 |
| 11 | ભૂમિસ્વરૂપો | | | 69 |
| 12 | નકશો સમજીએ | | | 75 |
| 13 | ભારત: ભૂપૃષ્ઠ, આબોહવા, વનસ્પતિ અને વન્યજીવ | | | 81 |
| 14 | વિવિધતામાં એકતા | | | 87 |
| 15 | સરકાર | | | 93 |
| 16 | સ્થાનિક સરકાર | | | 98 |
| 17 | જીવનનિર્વાહ | | | 106 |
| * | નમૂનારૂપ આદર્શ પ્રશ્નપત્ર – 1 | | | 113 |
| * | નમૂનારૂપ આદર્શ પ્રશ્નપત્ર – 2 | | | 116 |


No part of this publication can be reproduced, stored in a retrieval system or transmitted in any form or by any means-electronic, mechanical, phototyping, recording or otherwise without the prior written permission of the publishers. All right of export of this book is reserved with the publisher. Any person who does any unauthorised act in relation to this publication will be liabel to legal prosecution and civil claimes for damages.

દરેક એકમની સમજૂતી અને મૂલ્યાંકનલક્ષી પ્રવૃત્તિઓનું સંપૂર્ણ માર્ગદર્શન

# અલંકાર સ્ટડી મટીરિઅલ

**પ્રથમ સત્ર**
**દ્વિતીય સત્ર**

## ધોરણ 2 થી 8 (બધા જ વિષયો)

**વર્ગખંડમાં જવાબો લખવા-લખાવવા, હવે સમય બગાડવાની જરૂર નથી.**

**સ્ટડી મટીરિઅલ અવશ્ય વસાવો.**

Best Reference Material





D-08




F-23




H-26




I-27




E-24




G-24




H-32




J-30



## વિશેષતાઓ

- P.T.C., D.EL.Ed. અને B.Ed. ની પદ્ધતિથી તૈયાર કરેલું મટીરિઅલ.
- દરેક વિષયના દરેક એકમમાં સરળ શરૂઆતથી લઈ વિસ્તૃત પ્રશ્નો-જવાબો એક જ પુસ્તકમાં.
- દરેક એકમના અભ્યાસ-સ્વાધ્યાયના તમામ પ્રશ્નોના જવાબ.
- વ્યાકરણ અને નિબંધોનો સમાવેશ.
- પ્રયોગપોથી અને નકશાપૂર્તિના જવાબો.
- પુનરાવર્તનલક્ષી કસોટીઓ અને આદર્શ પ્રશ્નપત્ર.
- ગુણવત્તાયુક્ત કાગળ ક્વૉલિટી અને આકર્ષક પ્રિન્ટિંગ.

**કુરિયર દ્વારા બુક્સ ઓર્ડર કરવા માટે**
**સંપર્ક નં. : 9558047575 / 9726437575**

Alankar® Publication

# એકમ 1. ચાલો, ઇતિહાસ જાણીએ

## આ એકમમાં શીખવાના મુખ્ય મુદ્દાઓ :

- ઇતિહાસ જાણવાનાં સાધનો - સ્રોતો
- અભિલેખો
- ઇતિહાસના અભ્યાસીઓ-પુરતત્ત્વશાસ્ત્રીઓ
- ભૂમિનું નામ
- તાડપત્રો અને ભોજપત્રો
- તામ્રપત્રો
- ઇતિહાસકારો અને પ્રવાસીઓ
- સાલવારી

## એકમની ટૂંક સમજ

- ઇતિહાસ માનવસમાજનાં ભૂતકાળની માહિતી આપે છે.
- તાડપત્રો એટલે તાડવૃક્ષનાં પર્ણ પર લખાયેલી હસ્તપ્રતો.
- ભોજપત્રો એટલે હિમાલયમાં થતા ભૂર્જ નામનાં વૃક્ષોની પાતળી આંતરછાલ ઉપર લખાયેલી હસ્તપ્રતો.
- હસ્તપ્રતો પર સંસ્કૃત, પ્રાકૃત અને તમિલ-ભાષામાં લખાણો જોવા મળે છે.
- તાડપત્રો અને ભોજપત્ર પરથી કવિતા, નાટકો, વાર્તાઓ, મહાકાવ્યો, ધાર્મિક રીત-રિવાજો, સામાજિક માન્યતાઓ, રાજ્યોની જીવનશૈલી, વિજ્ઞાન, શિક્ષણ, દવાઓ, પ્રાણીઓ વિશે મોટા પ્રમાણમાં માહિતી મળે છે.
- શિલાઓ અને પથ્થરો પર કોતરેલા કે લખેલા લેખ અભિલેખ કહેવાય છે. રાજા પોતાના આદેશો શિલાઓ પર કોતરાવી પ્રજા સાથે સંવાદ કરતા હતા. જૂનાગઢ ખાતે આવેલ અશોકનો શિલાલેખ ખૂબ જ જાણીતો છે.
- તાંબાનાં પતરા ઉપર કોતરીને લખવામાં આવતું લખાણ એટલે તામ્રપત્ર. તામ્રપત્રના આધારે રાજાનાં નામ, ધર્મ, વહીવટીતંત્ર અને દાનધર્મની વિગતો મળે છે.
- સિક્કા પર રાજાનું નામ, તેનો ધર્મ, તેની સંસ્કૃતિ વગેરેની માહિતી મળે છે. ભારતમાં ઇ.સ. પૂ. 5મી સદીના પંચમાર્ક સિક્કા મળી આવ્યા છે. જે સૌથી જૂના સિક્કા છે.
- પુરાતત્ત્વશાસ્ત્રીઓ પ્રાચીન સ્થળો પર ઉત્ખનન કરીને મકાનો, સિક્કાઓ, ઈંટો, પથ્થરો, ઓજારો, ખોરાકનાં નમૂના, મનુષ્યો અને પ્રાણીઓનાં હાડકાં વગેરે શોધીને તેનો અભ્યાસ કરી તે સમયનાં માનવોની સંસ્કૃતિથી આપણને અવગત કરે છે.
- આપણા દેશના ઇતિહાસ અને સંસ્કૃતિની જાણકારી મેળવવા મેગેસ્થનિસ, પ્લિની, ફાહિયાન, યુઅન શ્વાંગ જેવા વિદેશી મુસાફરો આપણા દેશમાં આવ્યા હતા.
- ઇતિહાસકારો ભૂતકાળનું અધ્યયન કરનારા મહત્ત્વના વિદ્વાનો છે. ઇન્ડિયા શબ્દ ઇન્ડસ પરથી ઉતરી આવેલો છે. જેને સંસ્કૃત ભાષામાં સિંધુ કહેવાય છે.
- ઈરાનીઓ સિંધુ નદીને હિન્ડોસ અને ગ્રીસના લોકો ઇન્ડસ કહેતા. તેઓ સિંધુ નદીના પૂર્વ કિનારાને India - ઇન્ડિયા નામથી ઓળખતા.
- ભારત નામ ઋગ્વેદમાંથી પણ જાણવા મળે છે. ભરત નામનો માનવસમૂહ ઉત્તર-પશ્ચિમ ભારતમાં આવીને વસેલો.
- ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઈશુખ્રિસ્તના જન્મને દુનિયાનાં સમય સાથે જોડવામાં આવ્યો છે.

- A.D. - Anno Domini એટલે ઈસુ ખ્રિસ્તના જન્મ પછીનાં વર્ષો. જેને આપણે ઈસવીસન કહીએ છીએ. (ઈ.સ.)
- B.C. - Before Christ - એટલે ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલાનાં વર્ષો. જેને આપણે ઈસવીસન પૂર્વે કહીએ છીએ. (ઈ.સ.પૂ.)

## સ્વાધ્યાય

**(1) B.C.નો અર્થ સમજાવો.**

**ઉત્તર :** B.C. એટલે Before Christ. ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલાનાં વર્ષો જેને આપણે ઈસવીસન પૂર્વે કહીએ છીએ.

**(2) A.D.નો અર્થ સમજાવો.**

**ઉત્તર :** A.D. એટલે Anno Domini. ઈસુ ખ્રિસ્તના જન્મ પછીના વર્ષો. જેને આપણે ઈસવીસન (ઈ.સ.) કહીએ છીએ.

**(3) B.C.E.નો અર્થ સમજાવો.**

**ઉત્તર :** B.C.E. એટલે Before Common Era સામાન્ય કે સાધારણ યુગ પૂર્વેનો સમય.

**(4) ભારતના સૌથી જૂના સિક્કા કયા છે ?**

**ઉત્તર :** ઈ.સ.પૂ. 5મી સદીના પંચમાર્ક સિક્કા ભારતના સૌથી જૂના સિક્કા છે.

**(5) ઈતિહાસ જાણવાના સ્રોતો કયા કયા છે ?**

**ઉત્તર :** તાડપત્રો, ભોજપત્રો, અભિલેખો, તામ્રપત્રો, સિક્કાઓ, મકાનો, ઈંટો, પથ્થરો, ઓજારો, ખોરાકનાં નમૂનાઓ, મનુષ્યો અને પ્રાણીઓનાં હાડકાં વગેરે ઈતિહાસ જાણવાના સ્રોતો છે.

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

**1. નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

**(1) ઈતિહાસ માનવસમાજના કયા કાળની માહિતી આપે છે ?**

(A) વર્તમાનકાળ (B) ભવિષ્યકાળ
**(C) ભૂતકાળ** (D) એકપણ નહીં

**(2) પ્રાચીન સમયમાં માનવી શેના ઉપર લખાણ કરતો હતો ?**

(A) કાગળ
**(B) ભૂર્જ વૃક્ષની આંતરછાલ**
(C) કાપડ
(D) ચામડું

**(3) તાડવૃક્ષનાં પર્ણ પર લખાયેલી હસ્તપ્રતોને શું કહે છે ?**

(A) ભોજપત્ર (B) અભિલેખ
(C) શિલાલેખ **(D) તાડપત્ર**

**(4) નીચેનામાંથી કયાં લખાણો લાંબા સમય સુધી ટકી રહે છે ?**

**(A) અભિલેખો**
(B) કાપડ પરનું લખાણ
(C) કાગળ પરનું લખાણ
(D) વૃક્ષની છાલ પરનું લખાણ

**(5) પ્રાચીન રાજાઓએ પોતાનાં વહીવટીતંત્ર અને દાનની માહિતી કયા પત્રો ઉપર કોતરાવેલી છે ?**

(A) ભોજપત્રો **(B) તામ્રપત્રો**
(C) તાડપત્રો (D) લોહપત્રો

**(6) ભારતમાં ઈ.સ.પૂ. 5મી સદીના કયા સૌથી જૂના સિક્કાઓ મળી આવ્યા છે ?**

(A) દ્વિમાર્ક (B) ત્રિમાર્ક
(C) ચતુર્થમાર્ક **(D) પંચમાર્ક**

**(7) મકાનો, સિક્કા, પથ્થરો, ઓજારો, ખોરાકના નમૂનાઓની પ્રાપ્તિ માટે ઉત્ખનન અને સંશોધન કોણ કરે છે ?**

(A) ઈતિહાસકાર **(B) પુરાતત્ત્વશાસ્ત્રી**
(C) ભાષાવિદ્ (D) વાર્તાકાર

**(8) નીચે પૈકી કયો પ્રાચીન ઈતિહાસ જાણવા માટેનો સ્રોત નથી ?**

(A) અભિલેખો (B) ભોજપત્રો
**(C) વાહનો** (D) તામ્રપત્ર

**(9) ઈરાનીઓ અને ગ્રીસના લોકો સિંધુ નદીના પૂર્વ કિનારાને કયાં નામથી ઓળખતા ?**
(A) ચાઈના (B) ભારત
(C) પાકિસ્તાન **(D) ઈન્ડિયા**

**(10) ઈસુખ્રિસ્તના જન્મ પછીનાં વર્ષોને શું કહેવામાં આવે છે ?**
(A) સંવત (B) વિક્રમસંવત
(C) BC (D) **ઈસવીસન (AD)**

**2. યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.**

(1) સામાજિક વિજ્ઞાન આપણને મનુષ્યના **સામાજિક** વિશ્વથી માહિતગાર કરે છે.

(2) ભૂર્જ નામનાં વૃક્ષો **હિમાલય** ક્ષેત્રમાં થાય છે.

(3) ધાતુ કે પથ્થરો ઉપર કોતરેલા લેખને **અભિલેખો** કહેવામાં આવે છે.

(4) અશોકનો શિલાલેખ **જૂનાગઢ** ખાતે આવેલો છે.

(5) **ઈતિહાસકારો** ભૂતકાળનું અધ્યયન કરનારા મહત્ત્વના વિદ્વાનો છે.

**3. નીચે આપેલાં વિધાનો સામે ✓ ખરાં કે ✗ ખોટાંની નિશાની કરો.**

(1) પહેલાના સમયમાં રાજાઓ પોતાના આદેશો વૃક્ષો ઉપર કોતરાવતા હતા. - ✗

(2) સિક્કા, તામ્રપત્રો, શિલાલેખો વડે ઈતિહાસ જાણી શકાય છે. - ✓

(3) પુરાતત્ત્વશાસ્ત્રીઓ અને ઈતિહાસકારો ભવિષ્યને આપણી સમક્ષ જીવંત કરે છે. - ✗

(4) ઈસુ-ખ્રિસ્તનાં જન્મ પહેલાંના વરસોને ઈસવીસન કહેવામાં આવે છે. - ✗

(5) પહેલાના સમયમાં રાજાઓ પોતાનો સંદેશો વૃક્ષો ઉપર કોતરાવતા હતા. - ✗

**4. યોગ્ય જોડકાં જોડો.**

| અ | | બ | |
|---|---|---|---|
| (1) | ભોજપત્ર | (A) | ઈ.સ. પછી |
| (2) | અભિલેખ | (B) | ઈ.સ.પૂર્વે |
| (3) | તામ્રપત્ર | (C) | ભૂર્જ નામનાં વૃક્ષની છાલ |
| (4) | A.D. | (D) | પથ્થર કે ધાતુ પર કોતરેલું લખાણ |
| (5) | B.C. | (E) | તાંબાનો પત્ર |

**ઉત્તર : (1-C), (2-D), (3-E), (4-A), (5-B)**

**5. મને ઓળખી મારું નામ લખો.**

(1) મારા વૃક્ષોની છાલનો ઉપયોગ કરીને પત્રો બનાવવામાં આવતા હતા. : **ભોજપત્ર**

(2) મારા ઉપર રાજાઓ આદેશો કોતરાવી પ્રજા સાથે સંવાદ કરતા હતા. : **અભિલેખો**

**6. નીચેના પ્રશ્નોનાં એક-બે વાક્યોમાં જવાબ લખો.**

**(1) 'ભોજપત્ર' એટલે શું ?**

**ઉત્તર :** હિમાલયમાં થતાં ભૂર્જ નામનાં વૃક્ષોની પાતળી આંતરછાલ ઉપર લખાયેલી હસ્તપ્રતોને ભોજપત્રો કહેવામાં આવે છે.

**(2) પ્રાચીન હસ્તપ્રતો પર કઈ ભાષામાં લખાણ જોવા મળે છે ?**


**ઉત્તર :** પ્રાચીન હસ્તપ્રતો ઉપર સંસ્કૃત, પ્રાકૃત અને તમિલ ભાષામાં લખાણ જોવા મળે છે.

**(3) તાડપત્ર અને ભોજપત્ર પરથી કઈ માહિતી મળે છે ?**

## નકશાવાચન અને નકશાપૂર્તિના મહાવરા દ્વારા ભૌગોલિક સમજ વિકસાવતાં પુસ્તકો

# અલંકાર નકશાપૂર્તિ

**ધોરણ 6 થી 10 માટે**






## વિશેષતાઓ



નકશાના ખ્યાલોની જરૂરિયાત હોય તેવાં, **પાઠ્યપુસ્તકના તમામ વિષયાંગો**ને આવરી લઈ તૈયાર કરેલાં અદ્યતન પુસ્તકો.



દરેક **એકમની સમજ** અને નકશાવાંચનનો સમાવેશ.



હેતુલક્ષી પ્રશ્નો, પ્રવૃત્તિઓ અને ટૂંકમાં **પ્રશ્નોત્તર**.



અભ્યાસક્રમને અનુરૂપ **માહિતીસભર નકશાઓનું આકર્ષક પ્રિન્ટિંગ**.



વિદ્યાર્થીઓને પ્રેરકબળ પૂરું પાડતી **ગુણ ગ્રેડિંગ પદ્ધતિ**.



ઉત્તમ કાગળ ક્વૉલિટી સાથેનાં નયનગમ્ય પુસ્તકો.